





વાઘ-બકરીઓ બધી હવે એક સંપે છે,
દાખલ બધા આઇસીયુમાં શ્વાસ પંપે છે,
અજંપે છે ભાવિ, બંપે છે જેલના સળિયા -
મોદી સુનામીથી હવે ભલભલા કંપે છે..
(ત્રીજા મોરચાનો સળવળાટ)

ઓકે છે ઝેર!
ચઢાવે છાણે વીંછી -
રાણે મોકાણે..
(ગુજ્જુ પ્રજા પ્રત્યે ઈર્ષા)

સત્તા સ્મશાને -
નચાવે 'શિવ'-સેના-,
દેવેન્દ્ર ભૂવા..
(બહુમતિનાં ડાકલાં)




## ચિંતન

**ગતે અપિ વયસિ ગ્રાહ્યા વિદ્યા સર્વાત્મના બુધૈઃ ।**
**યદ્યાપિ સ્યાન્ત ફલદા સુલભા સા અન્ય જન્માનિ ॥**

'ભલે ને વય-ઉંમર પસાર થઇ ગઇ હોય છતાં પણ ડાહ્યા માણસે કોઇ પણ રીતે વિદ્યા-કેળવણી-તાલીમનો અભ્યાસ તો કરવો જ જોઇએ. એ વિદ્યા ભલે ને આ જન્મે ફળ ન આપે તો પણ આનતા જન્મમાં તો એ જ્ઞાન સરળ અને સુલભ બની ઉપયોગી થવાની જ છે.'

શીખવું, તાલીમ, અભ્યાસ એ એક જાતના બૌધિક સંસ્કાર છે. સંસ્કાર-હંમેશા 'જીવ'ની સાથે એક આવરણ બની મૃત્યુ પછી પણ સાથે જ જતા હોય છે આપણે વર્તમાનપત્રોમાં વાંચતા રહેતા હોઇએ છીએ કે છ-સાત વર્ષના બાળકને ગીતા-રામાયણના ઘણા શ્લોક-ચોપાઇ મુખપાઠ છે. તો કોઇ બાળક કોમ્પ્યુટરની જેમ જવાબો આપે છે વગેરેમાં કોઇ જ ચમત્કાર નથી પણ પૂર્વજન્મમાં લીધેલું જ્ઞાન આ જન્મમાં સ્ફૂરિત થતું હોય છે.

એટલે જ આ શ્લોકમાં કહ્યું છે કે શિક્ષણ અભ્યાસ તો કોઇ પણ વયે શીખી-લઇ શકાય કારણ કે એ બીજા જન્મોમાં પણ કામ આવતું હોય છે.

તમે તદ્દન નાનાં બાળકને સૂતેલું હોય ત્યારે નિરીક્ષણ કરશો તો જણાશે એ કયારેક મૂરકે-મુસ્કાન કરે ક્યારે અચાનક ગભરાઇ રડે છે એ પૂર્વજન્મની સ્મૃતિઓ જ વાગોળે છે.

## સુવિચાર

- જે કોઇચીજ આપણી થઇને આપણી પાસે રહેતી હોય તે છે બીજાને આપણે જે આપ્યું છે તે **- રાજચંદ્ર**
- જે માણસ ઘરને તીર્થ ન ગણે તે ગમે તેવા તિર્થમાં જાય તોય હૃદયથી ઠરે નહીં- **ફાધર વાલેસ**
- ઘરનાં સભ્યોનો સ્નેહ વૈદની દવા કરતાંય વધુ લાભદાયી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- 'સત્ય'ની તકલીફ એ છે કે તેની પાસે શબ્દો અલ્પ પ્રમાણમાં હોય છે, અને માણસની મુશ્કેલી એ છે કે તેને 'મૌન' ની ભાષા સમજાતી નથી **- ધૂમકેતુ**
- આપણી ભીતરમાં જે છે તે સંપૂર્ણ સ્વરૂપનું છે જ.. એને સંપૂર્ણ કરવા બહારથી કંઇ પણ ઉમેરવાના બદલે અંદરથી વધારાનું બહાર કાઢવાની જરૂર છે **- પન્નાલાલ પટેલ**
- માણસે ઇશ્વર પાસે પ્રાર્થનામાં આવું કંઇક માંગવું જોઇએ 'હે પ્રભુ!' આજનો મારો વિચાર એ મારો પોતાનો જ હો, નવીન હો, ને ગઇકાલનું માત્ર અનુકરણ ન હો..' **- જનકલ્યાણ**
- જે માણસ પોતાનો મત (અભિપ્રાય) બદલવા માટે તૈયાર નથી હોતો તે માણસ ને ખરી રીતે મત હોતો નથી તે પોતાના પૂર્વગ્રહને મત ગણે છે.. મત ફરી શકે છે.. પૂર્વગ્રહ ફરતાં નથી **- ધર્મસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

'ત્યાગ વૈરાગ્ય વિના ટકતા નથી - સાચી નફરત જાગે તો જ વિરક્તિ લાગે' બાકી નાના-મોટા આઘાત દુખથી આવતો વૈરાગ્ય 'સ્મશાન વૈરાગ્ય' કહેવાય-સ્મશાનમાં કોઇ સંબંધ નો અગ્નિદાહ જોઇ થોડીવાર વૈરાગ્ય આવે - પરંતુ ઘેર પહોંચતાં પાછાં એવા ને એવા રંગીલા-માયાના ગુલામ થઇ જઇએ.

સૂફી સંત અજર કૈવાન પાસે એક યુવાન હાંફળો-ફાંફળો આવ્યો - કહ્યું મને વેપારમાં મોટી ખોટ પડી છે - દેવું થઇ ગયું છે મને ફકીર થઇ જવું છે દિક્ષા આપો! સંત અજરે તેને સાંત્વના આપી કહ્યું લે આ થોડી સોનામહોર દેવું ફરજ ચૂકવી ઘરેથી પત્નીની રજા લઇને પછી આવ..

યુવાને કરજ ચૂકવી દીધું - વેપાર પણ ધમધોકાર શરૂ થયો. સંસાર ભોગવવા લાગ્યો. પુત્રનો જન્મ થયો.


અજર તેને મળવા ગયા - પૂછ્યું - પછી તું આવ્યો નહીં? યુવાન કહે - બસ ફકીર થવા માટે ઝૂંપડી-ગોદડી અને થોડો સરસમાન તૈયાર થઇ જાય પછી આવું છું.

અજર કૈવાન કહે રહેવા દે! તારાથી ફકીરી નહીં લેવાય! એક સમાન છોડી નવો સમાન વસાવનાર કદી ત્યાગી ન થઇ શકે!!

Email - sureshchandrabhatt18@gmail.com


# સૂર્યના કિરણોમાં અનેક પ્રકારની શક્તિઓ રહેલી છે અને એનો સાચી રીતે ઉપયોગ કરીએ તો આપણે સશક્ત, બુદ્ધિવાન અને નિરોગી રહી શકીએ છીએ

## સૂર્ય શક્તિ અને આપણે



**મોરપીંછના રંગ**
**- ડૉ. કનૈયાલાલ ભટ્ટ**

ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે કે 'સૂર્ય આત્મા જગસ્તસ્યુષશ્ચ' અર્થાત સૂર્ય એ સમસ્ત જગતનો આત્મા છે. પ્રાણ છે. સમસ્ત સંસાર સૂર્ય પર આધારિત છે. પૃથ્વી અને સમસ્ત બ્રહ્માંડમાં એકપણ અણુ એવો નથી જેના અસ્તિત્વમાં સૂર્યનો ફાળો ન હોય, સૂર્ય વિનાની પૃથ્વીની કલ્પના કરી જુઓ ! સૂર્ય છે તો પૃથ્વી ઉપર પ્રકાશ, પાણી, હવા બધુ જ છે. જો આ સૂર્ય ન હોત તો વૃક્ષો, પશુ-પક્ષીઓ ન હોત, ફૂલો ખીલતા ન હોત. આ સૂર્યને કારણે ફળ અને ફૂલોમાં સુગંધ, જુદાજુદા રંગો, સ્વાદ માણી શકીએ છીએ. એટલું જ નહીં માનવ જીવનમાં સુખ-દુઃખનો અનુભવ પાપ-પૂણ્ય, કામ-ક્રોધ, મોહ-લોભ, મદ, ભક્તિ જેવી વૃત્તિઓ અને આપણા વિચારો-સંસ્કારો તથા સંવેદનો પણ સૂર્યકિરણો દ્વારા ઉત્પન્ન થાય છે. કેમકે સૂર્યના કિરણો છેક આપણા હૃદય સુધી, મગજ સુધી અને શરીરના પ્રત્યેક અણુ સુધી પહોંચીને એમનામાં ચેતનાનો સંચાર કરે છે. ધબકતા કરે છે. જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે સમસ્ત સંસાર આળસ મરડીને બેઠો થાય છે અને સૂર્ય આથમે છે ત્યારે સંસાર સુસ્તી અનુભવે છે. આંખોમાં ઊંઘ ઘેરાય છે. શરીર તૂટે છે અને નિંદ્રાધીન થઈ જાય છે. આ છે સૂર્યની અસર, આપણા શરીરની અંદરના તમામ રસો સૂર્યની ગરમીથી દ્રવિત થાય છે. જો બે-ચાર દિવસ સૂર્ય ન દેખાય તો આપણું શરીર પણ નિસ્તેજ-નિષ્પ્રાણ થઈ જાય છે.આથી જ સૂર્ય જડ-ચેતન, ચલ-અચલ સર્વનું પ્રાણતત્ત્વ છે. સૂર્યનો મહિમા વેદો-પુરાણોમાં પણ વર્ણવાયો છે. 'સપ્ત અશ્વા હરિતો રથે વહન્તિ દેવ સૂર્ય શોચિષ્કેશં વિચક્ષણ' (ઋગ્વેદ) 'અર્થાત્ - હે સૂર્યદેવ આપના પોતાના કિરણોરૂપી સાત અશ્વ કિરણોરૂપી કેશોથી સુશોભિત રથમાં આપને લઈ જઈ રહ્યા છે.' આ શ્લોકમાં 'સાત અશ્વ' શબ્દ સૂચિત છે. આ સાત અશ્વ એટલે સાત રંગ, સૂર્યના કિરણોમાં સાત રંગો છે. અર્થાત્ સાત પ્રકારના રંગો વાળા કિરણો નીકળે છે. જેમાંથી આપણને તો માત્ર પ્રકાશ આપવાવાળા જ કિરણો દેખાય છે. જો બિલોરી કાચના પ્રયોગથી જોઈશું તો તેમાં જાંબલી, આસમાની, વાદળી, લીલો, પીળો, નારંગી અને લાલ... સાત રંગો દેખાશે જેની સાબિતીરૂપે ક્યારેક આકાશમાં મેઘધનુષ્ય રચાય છે. જે સૂર્યના કિરણોને કારણે જ રચાય છે. વળી પ્રકાશ દેવાવાળા કિરણોમાં પણ સાત રંગ હોય છે. આ તમામ રંગોની પોત-પોતાની પ્રકૃતિ હોય છે. જે માનવ શરીરના વિવિધ રોગોમાં અતિ ઉપયોગી નીવડે છે.



સૂર્યચિકિત્સા એક અતિ પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે. વિશ્વમાં સૌપ્રથમ આપણા ઋષિ મુનિઓએ સૂર્યની શક્તિને ઓળખીને એને રોગનાશક તથા શક્તિવર્ધક તરીકે ગ્રંથોમાં ઉલ્લેખી છે. વેદો-ઉપનિષદોમાં સૂર્ય મહિમાના અસંખ્ય મંત્રો છે. ઉપરાંત સૂર્યોપનિષદ, અક્ષ્યુપનિષદ, સમસ્ત પુરાણ, દર્શનશાસ્ત્ર, રામાયણ, મહાભારત આદિ ગ્રંથોમાં પણ સૂર્ય વિજ્ઞાનની સમજૂતી આપવામાં આવી છે. આ સર્વના પ્રભાવથી 'સૌર પુરાણ'ની પણ રચના થઈ અને પરિણામે અનેક સૂર્યમંદિરોની પણ રચના કરવામાં આવી.

વિશ્વ વિજેતા સિકંદરના સમયે યુનાની ભારતથી આ સૂર્યવિજ્ઞાન રોમ અને ઈરાન લઈ ગયો ત્યાંથી સમગ્ર વિશ્વમાં તેનો પ્રચાર-પ્રસાર થયો. કહેવાય છે કે રોમના નિવાસીઓ ૬૦૦ વર્ષ સુધી અન્ય કોઈપણ ચિકિત્સા કર્યા વિના સૂર્ય ચિકિત્સા કરતા રહ્યા હતા. તેથી તેમના ઘરોની રચના પણ સૂર્ય પ્રકાશ ઘરમાં આવે એવી હોય છે. મધ્યકાળમાં વિદેશીઓના આક્રમણને કારણે સૂર્યવિજ્ઞાન ભૂલાઈ ગયું. પરંતુ આધુનિક કાળમાં પશ્ચિમી વૈજ્ઞાનિકો તથા ચિકિત્સકો લુઈકુને, એડવિન, બેનિડિકટ લુસ્ટ, સ્ટૈનલી લીફ, બરનર, મૈક ફેડર વગેરે એ સૂર્ય વિજ્ઞાન-સૂર્ય સ્નાન, સૂર્ય ચિકિત્સાનું પુનર્ઉત્થાન કરીને આપણા ઋષિમુનિઓના ગૌરવને પુનઃ જીવિત કર્યું છે. ભારતમાં પણ ઘણા ચિકિત્સકોએ સૂર્યવિજ્ઞાનને અપનાવી શોધ-સંશોધન કર્યું છે અને આ સૂર્ય ચિકિત્સાના પ્રચાર-પ્રસાર માટે આજે ઠેર ઠેર પ્રાકૃતિક ચિકિત્સાલયો ખૂલી રહ્યા છે.

આપણે ઘણી વખત પ્રાતઃ કાળે સૂર્ય નમસ્કાર વખતે બંને હાથ ઊંચા કરીને પાણી ભરેલા લોટા દ્વારા સૂર્યને જળાભિષેક કરીએ છીએ. આ ધાર્મિક ક્રિયાની પાછળ વૈજ્ઞાનિક અભિગમ પણ છે. ઉપરથી પડતી પાણીની ધારને કારણે સૂર્યના કિરણો સાત રંગોમાં વિભાજીત થઈ જાય છે અને એમાંથી નિલોત્તર કિરણો આપણા શરીર ઉપર પડીને આપણને વિવિધ રીતે લાભદાયી નીવડે છે.

સૂર્યમાંથી નીકળતા અલ્ટ્રાવાયલેટ કિરણો વાતાવરણ ઉપર ઓઝાનનું પળ હોવાથી આપણા સુધી નથી પહોંચતા. આ પ્રકૃતિની ગોઠવણ છે. નહિતર આ કિરણો ચામડી ઉપર પડવાથી ચામડીનું કેન્સર તથા અન્ય અસાધ્ય રોગો પેદા કરી શકે છે. જો કે ડો. ફ્રેજરના મતે અલ્ટ્રાવાયલેટ કિરણો જીવાણું નાશક છે તથા વાયુ મંડળને શુદ્ધ કરે છે. ઉપરાંત સૂર્યના ઈન્ફ્રોરેડ કિરણો પણ અદૃશ્ય રીતે નીકળે છે. જેને આપણે જોઈ શકતા નથી. પરંતુ આપણને ખુબ જ લાભદાયી છે. આ કિરણો છેક ધરતીના ઊંડાણ સુધી જઈને વનસ્પતિ તથા વૃક્ષોને હરિયાળા-લીલાછમ-તરોતાજા બનાવે છે. આ ઉપરાંત એક્સ રે, આલ્ફા રે અને બીટા રે કિરણો પણ હોય છે. સૂર્ય ચિકિત્સા મુખ્યત્વે સાત રંગો ઉપર આધારિત છે. જેનાથી શરીરના લગભગ તમામ નાના-મોટા રોગોની સારવાર થાય છે. જેનું આખું વિજ્ઞાન છે. અલગ અલગ પદ્ધતિઓ છે. સૂર્ય કિરણોમાંથી આપણને વિટામીન 'ડી' મળે છે. પ્રાતઃકાળે સૂર્યોદય વખતે ખુલ્લા શરીરે અડધો કલાક દરરોજ સૂર્યકિરણો લેવા જોઈએ. આ સવારના કોમળ કિરણો છેક લોહી સુધી પહોંચીને વિટામીન 'ડી'ની વૃદ્ધિની સાથે જીવનશક્તિ પણ વધારે છે. વળી ત્વચાની નીચેના, લોહીના રોગોમાં કે જ્યાં દવા કે ઔષધી નથી પહોંચી શકતી ત્યાં આ કિરણો પહોંચીને રોગના કીટાણુઓનો નાશ કરે છે અને હાડકાંઓને ખુબ જ મજબૂત કરે છે. વળી તડકે રાખેલા પાણીથી ન્હાવાના પણ અનેક ફાયદા છે.

ચીનના પ્રસિદ્ધ સૂર્યચિકિત્સક ડો. ફીનસીનનું કહેવું છે કે, "જ્યારે સૂર્યના કિરણો વિના મૂલ્યે અમૃત વરસાવતા હોય ત્યારે ઝેરયુક્ત ખર્ચાળ, કડવી અને કષ્ટ પડે એવી દવાઓ શા માટે લેવી જોઈએ ?" ડો. સોલેનું કહેવું છે કે, કેન્સર, નાસૂર, ભગંદર જેવા દુ:સાધ્ય રોગ વીજળી અને રેડિયમના પ્રયોગથી પણ દૂર નથી કરી શકાતા પરંતુ તે સૂર્યપ્રકાશથી દૂર કરી શકાય છે.

સૂર્યના કિરણોમાં અનેક પ્રકારની શક્તિઓ રહેલી છે અને એનો સાચી રીતે ઉપયોગ કરીએ તો આપણે સશક્ત, બુદ્ધિવાન અને નિરોગી રહી શકીએ છીએ. સૂર્યશક્તિથી પાણી ગરમ કરી શકાય છે. ભોજન બનાવી શકાય છે. ભીની વસ્તુને સુક્કી કરી શકાય છે. વીજળી ઉત્પન્ન કરી શકાય છે. એક સામાન્ય અણુબોમ્બ ફાટવાથી જેટલી ઊર્જા નીકળે છે તેટલી ઊર્જા દોઢ વર્ગ મીલ ભૂમિમાં પડતા સૂર્યકિરણોમાં હોય છે. આપણા દેશનું કુલ ક્ષેત્રફળ દસ લાખ વર્ગ મીલ છે. આના પરથી અનુમાન લગાવી શકાય છે કે કેટલા લાખ અણુબોમ્બની શક્તિ સૂર્ય દ્વારા આપણા દેશને મળે છે. ડો. રિચર્ડના મત અનુસાર ભારત ભૂમિ પર દર વર્ષે સૂર્ય શક્તિ ૫,૮૬,૮૫,૯૦,૪૦,૦૦,૦૦૦ હોર્સ પાવર બરાબર છે. આપણે તેનો સાચો ઉપયોગ કરતા નથી તેથી આ બધી શક્તિ વ્યર્થ જતી રહે છે.

સૂર્ય શક્તિથી શારીરિક-માનસિક-આધ્યાત્મિક શક્તિનો વિકાસ થાય છે. વળી શરીરના કોઈપણ રોગમાંથી મૂક્તિ મળે છે. આયુષ્ય અને બુદ્ધિ વધે છે આમ સૂર્ય એ માત્ર પૃથ્વી માટે જ નહીં પરંતુ સમસ્ત બ્રહ્માંડ માટે એક આત્મારૂપ છે. પ્રાણરૂપ ઊર્જા છે.

# ગુજરાતી ભાષામાં સીમાચિન્હરૂપ સાહિત્ય પદાર્થથી સભર વિશિષ્ટ પ્રકારની પોતાની પરંપરાને જાળવીને પ્રગટ કરાતો 'ગુજરાત' નો દિપોત્સવી અંક તેના તંત્રી ભાગ્યેશ જહા, અને સંપાદકો અરવિંદ પટેલ તેમજ પુલક ત્રિવેદીની દીર્ઘદૃષ્ટિ અને સાહિત્યપ્રીતિના નમૂનારૂપ છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્ય સભા સાહિત્યમાં રસરૂચી ધરાવતા ભાવકો અને સર્જકોનું મંડળ છે. તેના દ્વારા વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમો અવારનવાર યોજાતા રહે છે. અહીં વરિષ્ઠ સાહિત્યકારોને સન્માન અપાય છે તો નવોદિતોને પ્રોત્સાહિત પણ કરાય છે.

દર માસે નિયમિત મળતી ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠકમાં સ્થાનિક સર્જકોની કૃતિઓ રજૂ થાય છે. તે ઉપરાંત સાહિત્ય જગતના નામાંકિત સર્જકો સાથે તેમની સર્જનયાત્રા અંગેના વક્તવ્યો અને કૃતિપઠનના કાર્યક્રમો પણ યોજાય છે. જે અંતર્ગત આગામી તા. ૦૯/૧૧/૨૦૧૪ ન ।રોજ જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧ ગાંધીનગર ખાતે એક ખાસ પ્રકારનો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

ગાંધીનગર સાહિત્ય સભા સાથે જોડાયેલ કુ. સ્વાતિ મહેતાના કાવ્ય સંગ્રહ 'દરિયો'ના લોકાર્પણનો કાર્યક્રમ આવતીકાલે યોજાનાર છે. ત્યારે કુ.સ્વાતિ મહેતાનો પરિચય મેળવવો પણ આપ સૌ માટે રસપ્રદ રહેશે.

કુ. સ્વાતિ મહેતા 'હેલી' ના ઉપનામથી સાહિત્ય સર્જનક્ષેત્રે પ્રવેશે છે. તેમનો જન્મ તા. ૨-૮-૧૯૭૭માં અમદાવાદ મુકામે થયો હતો પરંતુ તેમને શાળા-કોલેજનો અભ્યાસ ગાંધીનગર મુકામે કર્યો છે. પુસ્તક વાંચન, વકતૃત્વ, ચિત્રકલા અને ગાર્ડનિંગનો શોખ એ ધરાવે છે. વનસ્પતિશાસ્ત્ર તેમના રસનો વિષય છે અને તેમાં જ તેણે અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ કર્યો છે. તેથી કાવ્ય સર્જનમાં પ્રવૃત્ત થતાં સ્વાતિનાં કાવ્યોમાં લીલીછમ્મ હરિયાળી પ્રત્યેનાં સંવેદનનો વાચકને અહેસાસ થાય છે. શરૂઆતમાં ન્યુઝ પેપરમાં કાવ્યો અને નાના નાના આર્ટીકલો લખતાં લખતાં સ્વાતિને આકાશવાણી અને દૂરદર્શન પર કવિસંમેલનોમાં ભાગ લેવાનું અવારનવાર બન્યું છે. કવિતા પ્રત્યેના તેના શોખને તેના પરિવાર દ્વારા પ્રોત્સાહન અને આવકાર મળતો રહ્યો છે. સ્વાતિ મહેતા તેનાં કાવ્યો અંગે પ્રતિભાવ આપતાં એમ કહે છે કે 'મારા કાવ્યો એ મારી જિંદગીની સુવર્ણ સમયની ભેટ છે. લીલીછમ્મ ચાદરમાં ફૂલોની કયારી. આકાશના આંખમાં ભરેલી સુંદર રંગબેરંગી ઘડીક અહીંથી ચડતી અને આ ઉપરાંત ફૂલોની ડોલતી ડાળી, પતંગિયાને ભમરાથી ગુંજતી ને શ્વાસ શ્વાસમાં ખુશ્બુથી છલકતો આ 'દરિયો' કાવ્ય, ગીત અને ગઝલની હેલી લઇને આવે છે.' કાવ્યની હેલીમાં ભીંજાવા આપ સૌને પણ આમંત્રણ છે.

આ પ્રસંગે ગુજરાતના જાણીતા પત્રકાર અને સાહિત્યકાર દિનેશ દેસાઇ ઉપસ્થિત રહી તેમની 'સર્જન યાત્રા' અંગે વક્તવ્ય આપવાના છે.

ગુજરાતી સાહિત્યમાં તેમણે ૩ નવલકથા, ૧ લઘુ નવલ, ૧ નવલિકા સંગ્રહ, ૩ ગઝલ સંગ્રહ, ૩ લલિત નિબંધ સંગ્રહ, ૧૨ લેખ સંગ્રહ, ૩ વિવેચન - સમીક્ષા સંગ્રહ, ૨ ચરિત્રલેખ સંગ્રહ, ૧ કાવ્ય સંપાદન અને ૧ સંશોધન પુસ્તક મળી ૩૦ પુસ્તકો આપ્યાં છે તથા હિન્દી સાહિત્યમાં ૧ નવલકથા, ૧ લેખ સંગ્રહ અને ૨ ગઝલ સંગ્રહ તેમજ અંગ્રેજીમાં પણ એક પુસ્તક આપ્યું છે. તેઓની ગઝલોના આસ્વાદ લેખોનાં સંપાદનનું એક પુસ્તક પણ પ્રગટ થયું છે. તેઓએ સાહિત્ય અને પત્રકારત્વ ઉપરાંત પર્યાવરણ, કાયદો અને કારકિર્દી માર્ગદર્શન, એમ બહુવિધ ક્ષેત્રે કલમ ચલાવી છે. ગુજરાતી ભાષાના સમૃદ્ધ એન્સાયકલોપિડિયા 'ગુજરાતી વિશ્વકોશ' ભાગ ૭ થી ૨૪) ના વિષય નિષ્ણાત - અધિકરણ લેખક તરીકે ૧૯૯૪થી તેઓ જોડાયેલી રહ્યા છે. તેમણે વિવિધ પ્રશિષ્ઠ સાહિત્ય સામયિકો માટે લખેલા ૬૫૦ થી વધુ પુસ્તક અવલોકન - સમીક્ષા લેખ પ્રગટ થયા છે. તેઓની લેખનશૈલી રસાળ, લોકભોગ્ય અને આસ્વાદ્ય છે. અનેક પ્રથિતપદા ગુજરાતી સર્જકો - વિવેચકોએ એમની કલમને પ્રમાણી છે - બિરદાવી છે. તેઓ જેટલા ઉત્તમ સર્જક છે એટલા જ સારા વક્તા પણ છે. તેથી તેમના વકતવ્યને સાંભળવું એ પણ એક લ્હાવો છે. જેનો લાભ આપણને સૌને મળનાર છે.

- દિપોત્સવી અંકોની જળવાયેલી પરંપરા

ગુજરાતી ભાષામાં સીમાચિન્હરૂપ સાહિત્ય પદાર્થથી સભર વિશિષ્ટ પ્રકારની પોતાની પરંપરાને જાળવીને પ્રગટ કરાતો 'ગુજરાત' નો દિપોત્સવી અંક તેના તંત્રી ભાગ્યેશ જહા, અને સંપાદકો અરવિંદ પટેલ તેમજ પુલક ત્રિવેદીની દીર્ઘદૃષ્ટિ અને સાહિત્યપ્રીતિના નમૂનારૂપ છે. તે સાથે તેમનાં તસ્વીર કલાના ઉત્તમ નમૂનારૂપ ફોટોગ્રાફ અને ગુજરાતી સંસ્કૃતિ અને કલાની ઝાંખી કરાવતું બેનું લેઆઉટ ધન્યવાદને પાત્ર છે. તો વળી ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા દર વર્ષે એક ચોક્કસ વિષયને લઇને દૃષ્ટિવંત સંપાદન દ્વારા વિશેષાંકની પરિકલ્પના કરનારા હર્ષદ ત્રિવેદી દ્વારા 'વિવેચન અને હું' વિષયનો વિશેષાંક વિવેચન સાહિત્યમાં માંધાતાઓના વિચારો અને વિવેચનક્ષેત્રની જાણી અજાણી ઘણી વાતો લઇને આવ્યો છે. ગાંધીનગરથી પ્રગટ થતા પાટનગર પ્રકાશ સાપ્તાહિકના તંત્રી ભરત કવિની જહેમતનું પરિણામ તેમના દિપોત્સવી અંકમાં દેખાઇ આવે છે. તેમણે વરિષ્ઠ અને નવોદિત લેખકો કવિઓને પુરતું સ્થાન આપી વાર્તાઓ, કવિતાઓ અને લેખોની વાંચનક્ષમ સામગ્રી પુરી પાડી છે. એજ રીતે 'તથ્ય' સાપ્તાહિક દ્વારા પણ દિપોત્સવી વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો છે. જેમાં કાવ્યો, વાર્તાઓ, સહિયર મોરી, અડદો દડકો, આરોગ્ય મનનું અને તનનું તેમજ 'ધર્મ તથ્ય' અને સુગર ફ્રી વાનગીઓનો રસથાળ રજૂ કર્યો છે. જો કે ગાંધીનગર પેન્શનર્સ સમાજ દ્વારા પ્રગટ થતાં 'પેન્શનર સહયોગ' માસિકનો દિપોત્સવી અંક પ્રગટ થયો છે. પણ તે એકદમ ચીલાચાલુ છે તેમાં જાહેરાતોની ભરમાર વધુ જોવા મળી છે.

દિપોત્સવીની વાત નીકળી છે. ત્યારે ખાસ નોંધપાત્ર એક બાબત ધ્યાનમાં આવી છે. દિવાળીકાર્ડનું ચલણ ઓછું થઇ ગયું છે અને વોટ્સઅપ તેમજ ફેસબુક પર એસ.એમ.એસ. દ્વારા શુભેચ્છાની આપલે થવા લાગી છે. ત્યારે આપણા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા દિપોત્સવીની શુભકામના સાથે સરકારની યોજનાઓ અંગેની પુસ્તિકાઓ મોકલીને સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવવામાં આવી છે. તેમાં કુલ-૪ પુસ્તિકાઓ છે. મુખ્યમંત્રીશ્રીના દિવ્ય-ભવ્ય ગુજરાત નિર્માણના સંકલ્પને અભિવ્યક્ત કરતી પુસ્તિકામાં ગતિશીલ ગુજરાતનાં ખૂણેખૂણે થઇ રહેલા વિકાસનો આલેખ મળે છે. તો બીજી પુસ્તિકામાં શહેરી વિકાસની નવી ક્ષિતિજોનો અભ્યુદય પણ દેખાય છે. મહેસૂલ વિભાગની પુસ્તિકામાં 'લોકસંવાદ સેતુ'ની વાત સાથે લોકાભિમુખ અભિગમ વ્યકત થયો છે અને ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન આફતને અવસરમાં પલટવાનું સામર્થ્ય કઇ રીતે ધરાવે છે તેની ઝલક રજૂ કરવામાં આવી છે. તે સાથે જ મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રીની તસ્વીરો સાથેનું સ્વચ્છતાનો સંદેશ આપતું દિપોત્સવી કાર્ડ ગાંધીજીના સ્કેચ અને 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' ના સ્લોગનથી વિશિષ્ટ છાપ ઊભી કરે છે.

# મોટીબહેન યાત્રાએ નીકળે છે, ઋષિકેશથી યમનોત્રી, ગંગોત્રી જતાં, એમની બસને અકસ્માત થાય છે, બસ ઊંડી ખીણમાં પડી જવાથી, બસમાં મુસાફરી કરી રહેલાં પાંચ માણસોના મૃત્યુ થાય છે તેમાં મોટીબહેનનો સમાવેશ થયાની જાણ ટૂર ઓપરેટર ડોકટર સાહેબને કરે છે

## રાખના રમકડાં
## લઘુકથા

**- નિરંજન ઓઝા**

ડો. સુખવંતનું દવાખાનું ભાવનગર શહેરના પોશ વિસ્તાર એવા ઘોઘા સર્કલ પાસે આવેલું છે. પરિવારમાં પોતે, ધર્મપત્ની અને દસ વર્ષનો મોટી ઉંમરે આવેલ પુત્ર રાહુલ છે. ડોકટર સાહેબની જીવન નૌકા અધવચ્ચે ડામાડોળ સ્થિતિમાં છે. કારણ કે તેમના ધર્મપત્ની ત્રણ દિવસથી ઝેરી મલેરિયાની બિમારીમાં દેવલોક પામ્યા છે. ડોકટર સાહેબને સ્વજનો, મિત્રો વિગેરે તરફથી પુત્રની નાની ઉંમર તથા તેને સાચવી શકે તેથી બીજા લગ્ન કરવા દબાણ થઇ રહ્યુ છે પુત્રની ઉંમર નાની હોવા છતાં સમજુ છે તેથી પોતાના પિતાની નિરાશા તેમજ દુઃખ જોઇ શકે છે તેથી પોતાની કાલીકાલી ભાષામાં જણાવે છે કે તમારું દુઃખ તથા મુશ્કેલી સમજી શકાય તેમ છે, મારી બિલકુલ ચિન્તા કરતા નહિ, હું મારી નવી મા સાથે હસીખુશીથી રહીશ અને આપણાં કુટુંબ માટે વહેલાસર વિચારજો.

પુત્રની મનોદશા તેમજ હવે પોતાના નાનાભાઇનો પ્રશ્ન મોટી બહેને હાથ ઉપર લીધો હોવાથી ડોકટર સાહેબને રાહત થાય છે. આમા મોટી બહેનનો સ્વાર્થ છે તેનાથી ડોકટર સાહેબ અજાણ છે. મોટા બહેનને સો ટકા ખાત્રી છે કે પોતાનો ભાઇ તેનું માનશે અને પછી પોતાના પુત્ર સાથે નિરાંતે ચારધામની યાત્રાએ જઇ શકાશે. આ વિચારધારા સાથે પોતાના ભાઇને પ્રસ્તાવ મુકે છે તેમની નજીક રહેતા અને આપણી જ્ઞાતિના જ એવા રમણભાઇની દીકરી, મીરાં છ મહિના પહેલાં જ વિધવા થઇ છે જો કે તેને આઠ વર્ષનો બાબો છે. પરંતુ સારું ઘર મળતું હોય તો તેનો સ્વીકાર કરવામાં વાંધો નહિ તેવું મોટાભાઇને સમજાવે છે. ડોકટર સાહેબનો આ પ્રસ્તાવ યોગ્ય લાગે છે અને આગળ ચલાવવા જણાવે છે મોટા બહેન આગળ વાતચીત આરંભે છે પરંતુ સામે પક્ષે પોતાની દીકરી તથા દોહિત્રના ભવિષ્ય માટે થોડી ઘણી શરતો સામેના પક્ષે મુકવામાં આવે છે પરંતુ મોટી બહેનની દરમિયાનગીરીથી શરતો થોડી હળવી કરી, ડોકટર સાહેબ તથા મીરાંના લગ્ન ગોઠવાય છે.

લગ્નના થોડા સમય પછી મોટાબહેન ડોકટર સાહેબને મળવા આવે છે અને જણાવે છે કે તારા લગ્ન થઇ ગયા તેથી મારી ઇચ્છા હવે પુરી થઇ છે અને હું મારા પુત્ર વરૂણ સાથે ચારધામ યાત્રાએ જવાનું વિચારું છું. તારા લગ્ન નિર્વિઘ્ને પતે કે તરત જ મેં ચારધામ યાત્રા કરવાનું માન્યું હતું તેથી ટૂંક સમયે યાત્રાએ પ્રયાણ કરીશ. આ તકનો લાભ મીરાંએ લેતાં, મોટી બહેનને યાત્રા નિમિત્તે રૂપિયા પચ્ચીસ હજાર આપી, આશીર્વાદ મેળવે છે.

મોટીબહેન યાત્રાએ નીકળે છે. ઋષિકેશથી યમનોત્રી, ગંગોત્રી જતાં, એમની બસને અકસ્માત થાય છે. બસ ઊંડી ખીણમાં પડી જવાથી, બસમાં મુસાફરી કરી રહેલાં પાંચ માણસોના મૃત્યુ થાય છે. તેમાં મોટીબહેનનો સમાવેશ થયાની જાણ ટૂર ઓપરેટર ડોકટર સાહેબને કરે છે. હવે રહ્યો એમના પુત્ર વરૂણને ગોઠવવાનો પ્રશ્ન. મીરાં દેવી તેના મામાને રૂપિયા પચ્ચીસ હજાર આપી તેને ત્યાં રહેવાની વ્યવસ્થા કરે છે. મીરાં દેવીને હવે ફક્ત પોતાના ઓરમાન પુત્ર રાહુલને ગોઠવવાનો પ્રશ્ન રહ્યો. રાહુલ ભણવામાં હોંશિયાર છે. જયારે પોતાનો પુત્ર વરૂણ ભણવામાં નબળો છે તેથી રાહુલને જે ટ્યુશન હતું તે ઓછું કરી, પોતાના પુત્ર વરૂણને વધારે ટ્યુશનની વ્યવસ્થા કરે છે, પરિણામે રાહુલનો અભ્યાસ બગડે છે. ખોટા મિત્રોની સોબતે ફસાય છે ડોકટર સાહેબ પુરેપુરૂ ધ્યાન પોતાના પુત્ર રાહુલ ઉપર આપી શકતા નથી. પોતાની નવી માની ચાલથી રાહુલ અજાણ નથી પરંતુ પોતાના ડોકટર પિતાને દુઃખ થાય તેવું તે કરવા માગતો નથી. આથી ભણવા કરતાં વધારે ધાર્મિકવૃત્તિ તરફ વળે છે. તેમાં સંતોનો મેળાપ થવાથી, સંતો આ હીરાને પારખી જાય છે અને પોતાની સાથે સમાવવા પ્રયત્નો કરે છે અને રાહુલ સત્સંગમાં જોડાઇ જાય છે. એક દિવસ પોતાના પિતાને ચિઠ્ઠીમાં લખે છે કે મારી તપાસ કરતાં નહિ, હું પાછો આવવા માંગતો નથી, મને મારી રીતે જીવવા દો. એ રીતે રાહુલ પણ છૂટો પડે છે આમ મીરાં દેવી એક પછી એક 'રાખના રમકડાં' ને યોગ્ય જગ્યાએ ગોઠવ્યાનો આનંદ માની, શેષજીવન પસાર કરી રહ્યાં છે.